આજની નવલી નવરાત

- સેક્ટર-૩-ન્યુ નવરાત્રી ચોકમાં સ્વીટુ બારોટ આર.કે. ગ્રૂપ રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- સેક્ટર-૩-બી, નવરાત્રી ચોકમાં એમ.એસ. મ્યુઝિકલ ગ્રૂપ ગરબામાં જમાવટ કરશે.
- સેક્ટર-૫-સી નવરાત્રી ચોકમાં કૃણાલ ઓરકેસ્ટ્રા ગરબાની મોજ કરાવશે.
- સેક્ટર-૮ એકતા ચોકમાં ગણેશ કલાવૃંદ ગરબા કરાવશે.
- સેક્ટર-૨૨ સાર્વજનિક નવરાત્રી ચોકમાં ઝનકાર મ્યુઝિકના શૈલેષ બારોટ ગરબામાં ધૂમ મચાવશે.
- સરઢવ વારાહી ચોકમાં પાલનપુરના અલંકાર મ્યુઝિકલ ગ્રૂપ રાસ-ગરબામાં મોજ કરાવશે.
- સરઢવ માંડવી ચોક ઉગમણી ભાગોળે મહેસાણાના ઓમકાર મ્યુઝિકલ ગ્રૂપ રાસ-ગરબાની રમઝટ બોલાવશે.
- કલ્ચરલ ફોરમ સેક્ટર-૬, બાલનગરી ગ્રાઉન્ડમાં અમીત ઠક્કર, દિપ્તી દેસાઈ ગરબાની રમઝટ બોલાવશે.

પહેલુ નોરતુ

કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

કેટેગરી	વિજેતા ખેલૈયા
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના)-બોયઝ	કવન ભટ્ટ - વિનર
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના)-બોયઝ	ભવ્યરાજ રાઠોડ
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના)-ગર્લ્સ	દિશા પટેલ - વિનર
બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના)-ગર્લ્સ	પૃથા ભાવસાર - રનર્સ અપ
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) - બોયઝ	અભિષેક સોની - વિનર
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) - બોયઝ	જય ગાંધર્વ - રનર્સ અપ
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) - ગર્લ્સ	દિશા ગોહિલ - વિનર
બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ સુધીના) - ગર્લ્સ	દિયા પરીખ - રનર્સ અપ
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ	તિર્થ ગોસ્વામી - વિનર
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ	પૃથ્વી વોરા - રનર્સ અપ
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ	પૂર્વી ઘોઘારી - વિનર
બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ	નેસર્ગી - રનર્સ અપ
બેસ્ટ ડ્રેસ બોયઝ	ધીરજ પરમાર - વિનર
બેસ્ટ ડ્રેસ બોયઝ	મનીષ સોની - રનર્સ અપ
બેસ્ટ ડ્રેસ ગર્લ્સ	પૂનમ રાવલ - વિનર
બેસ્ટ ડ્રેસ ગર્લ્સ	પ્રેક્ષા પટેલ - રનર્સ અપ
બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના)	ડૉ. નિલેષ સાંવલિયા - વિનર
બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના)	વિ.કે. અખાણી - રનર્સઅપ
બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના)	હિના કંદોઈ - વિનર
બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના)	લીના રાણા - રનર્સ અપ
બેસ્ટ પેર	અક્ષ રાઠોડ અને ધરતી કંદોઈ - વિનર
બેસ્ટ પેર	ભાર્ગવ દવેઅને જીનલ જૈન - રનર્સ અપ
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ	અભિજીત ચારણીયા - વિનર
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ	રોકી પટેલ - રનર્સ અપ
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ	અંજલિ પટેલ - વિનર
બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ	તરજુ શાહ - રનર્સ અપ

બિન હથિયારી પીએસઆઈનો આજે દિક્ષાંત પરેડ સમારોહ

૨૩૨ પીએસઆઈની પાસીંગ આઉટ પરેડ કરાઈ ખાતે યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

રાજયભરમાંથી ભરતી પ્રક્રિયાને અંતે સફળ થયેલા ૨૩૨ બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર્સ ગુજરાત પોલીસ અકાદમી, કરાઈ ખાતે તાલીમ હેઠળ હતા. તાલીમ સંપન્ન થતા આવતીકાલે ૨૭ સપ્ટેમ્બરના રોજ તમામ ૨૩૨ બિન હથિયારી પીએસઆઈની પાસીંગ આઉટ પરેડનું આયોજન કરવામાં આવ્યું છે.

મુખ્ય મહેમાન પદ પર ગુજરાત રાજયના ગૃહ મંત્રી રજનીકાન્ત પટેલ તથા અતિથિ વિશેષ પદે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ ડૉ. એસ.કે. નંદા બિન હથિયારી પી.એસ.આઈ.ના દિક્ષાંત પરેડ સમારોહમાં ઉપસ્થિત રહેશે. સવારે ૮ વાગે ગુજરાત પોલીસ અકાદમી કરાઈના પરેડ ગ્રાઉન્ડ ખાતે આ સમારોહ યોજાશે. રાજયને વધુ ૨૩૨ બિનહથિયારી પીએસઆઈ મળતા પોલીસની કામગીરી વધુ સારી થઈ શકશે.

(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ગ્રામ-સચિવાલય કોમ્પ્યુટરથી સજ્જ થતાં ચિલોડાના ગ્રામજનોમાં આનંદ

ચિલોડા ગામના રાજીવ ગાંધી ગ્રામ પંચાયત ભવનને કોમ્પ્યુટર સેવાઓથી સુસજ્જ કરાતા ગ્રામજનોમાં આનંદ સાથે રાહતની લાગણી પ્રવર્તવા પામી હતી. આ કોમ્પ્યુટરાઈઝ્ડ સેવાઓને કારણે હવે ગ્રામજનોને વિવિધ કામો જેવા કે ૭/૧૨ ની નકલો, ૮-અ ની નકલો, પેઢીનામુ, નમુનો-૬, આવકનો દાખલો, એપીએલ શૌચાલય, આઈ કિસાન પોર્ટલ, રજીસ્ટ્રેશન, પ્રમાણપત્રો અને પુરાવાઓ મેળવવામાં ઘણી બધી રાહત મળશે.

આનંદના ગરબા યોજાશે

● સેક્ટર-૨૩ માઈ મંડળ દ્વારા આનંદનો ગરબો આજરોજ બપોરે ૧ થી ૩ કલાકે શિવ-શક્તિ મંદિર સેક્ટર-૨૩ ખાતે યોજવામાં આવશે. ધાર્મિક કાર્યક્રમમાં પધારવા ભાવિ ભક્તોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● મા મેલડી-આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજરોજ શુક્રવારે પારૂલબેન શાહના નિવાસસ્થાન, પંકજ સોસાયટી નં. ૧, દહેગામ ખાતે બપોરે ૧ થી ૫ દરમિયાન યોજવામાં આવશે. આનંદના ગરબામાં ભાવિભક્તોને પધારવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

આજથી વાલ્મીકી મહાસભાનું અધિવેશન યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

અખિલ ભારતીય વાલ્મીકી મહાસભાનું ૧૧મું રાષ્ટ્રીય અધિવેશન યોજવામાં આવશે. અધિવેશન અમદાવાદમાં નરોત્તમ જવેલરી હોલમાં તા. ૨૮ અને ૨૮ સપ્ટેમ્બર દરમિયાન યોજવામાં આવનાર છે.

અધિવેશનમાં વાલ્મીકી સમાજના પડતર પ્રશ્નો અંગે ઠરાવ કરી આવેદનપત્ર આપવામાં આવશે. વડાપ્રધાન, રાજયપાલ અને મુખ્યમંત્રીને વાલ્મિકી સમાજ પોતાનો અવાજ આવેદન પત્ર પાઠવી બુલંદ કરશે. અધિવેશનને સફળ બનાવવા રાજયના તમામ સંસ્થાઓના નેતાઓ, કાર્યકરો અને વાલ્મીકી જ્ઞાતિબંધુઓને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવ્યું છે.

અવસાન નોંધ

ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર પરાગી પંડયા, શેતલ પંડયા, ડૉ. અતુલ પંડયાના પિતા હર્ષદરાય ચુનીલાલ પંડયા (પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના પી.એ.)નું દુઃખદ અવસાન થયેલ છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૨૯-૯-૨૦૧૪ રવિવાર સવારે ૯ થી ૧૨ દરમિયાન પ્લોટ નં. ૧૪૪૯/૨, સેકટર-૩-સી રામેશ્વર મહાદેવ મંદિર નજીક રાખવામાં આવેલ છે.

આજે કલ્પતરૂ પાવરમાં રક્તદાન શિબિર અને વૃક્ષારોપણ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની પાવર ઈક્વીપમેન્ટ બનાવતી સુવિખ્યાત કંપની કલ્પતરૂ પાવર દ્વારા તેના ચેરમેન મફતરાજ મુનોતના ૭૦ મા જન્મદિને રક્તદાન શિબિર અને વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો છે. આ કાર્યક્રમ તા. ૨૭મી સપ્ટેમ્બર બપોરે ૨ થી ૪ વાગ્યા દરમ્યાન યોજવામાં આવશે.

કલ્પતરૂ પાવર કંપની દ્વારા એક અનુકરણીય પ્રેરણારૂપ આયોજનમાં કંપનીના ચેરમેન મફતરાજ મુનોતના ૭૦ મા જન્મદિને રક્તદાન શિબિર અને વૃક્ષારોપણનું આયોજન હાથ ધર્યુ છે. આ આયોજન અંતર્ગત રક્તદાન શિબિર કંપનીના સેક્ટર-૨૫ની જીઆઈડીસીમાં આવેલ ઈઓયુ યુનિટ ખાતે યોજવામાં આવશે. જ્યારે વૃક્ષારોપણનો કાર્યક્રમ કલ્પતરૂ આરોગ્ય કેન્દ્ર ખાતે યોજાશે. વૃક્ષારોપણનો કાર્યક્રમ પર્યાવરણના જતન માટે વૃક્ષ વાવો આશા વાવો શિર્ષક હેઠળ યોજવામાં આવી રહ્યો છે. આ બંને કાર્યક્રમમાં કર્મચારીઓને ઉત્સાહપૂર્વક ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

કોલવડામાં દારૂ સપ્લાય કરનાર રાજસ્થાની બુટલેગર ઝડપાયો

બે મહિના પહેલા દારૂ-બિયર ભરેલી ઈનોવા એલસીબીએ પકડી હતી : આરોપી એક દિવસના રિમાન્ડ પર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીકના કોલવડાના બુટલેગરે રાજસ્થાનથી મંગાવેલા દારૂ-બિયર ભરેલી ઈનોવા ગાડી બે મહિના પહેલા ગાંધીનગર એલસીબીએ પકડી પાડી હતી. રાજસ્થાનથી માલ મોકલનાર બુટલેગરને એલસીબીએ ઝડપી પાડી કોર્ટમાં રજુ કરતા કોર્ટે વધુ પુછપરછ માટે એક દિવસનાં રિમાન્ડ મંજુર કર્યા છે.

કોલવડા ગામના ચામુંડાપુરા પાસેથી પસાર થતી ઈનોવા ગાડીને ગાંધીનગર એલસીબી ની ટીમે દારૂ-બિયરનાં રૂ. ૭૧ હજારની કિંમતના જથ્થા સાથે ઝડપી પાડી હતી અને દારૂનો જથ્થો મંગાવનાર કોલવડાના બુટલેગર સુરેન્દ્રસિંહ ઉર્ફે સુરુભા હેમતુજી વાઘેલાની ધરપકડ કરી હતી. તપાસમાં ખુલ્યું હતું કે ઈનોવાનો માલિક મનોજ મદનલાલ મહેશ્વરી રહે. સાંચોર, જી. ઝાલોર રાજસ્થાન દારૂ-બિયરનો જથ્થો સપ્લાય કરવા આવ્યો હતો. જેને આધારે રાજસ્થાની બુટલેગર મનોજ મહેશ્વરીની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા કોર્ટે તેના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે. એલસીબીની ટીમે તેની સઘન પુછપરછ શરુ કરી છે.

જ્યોતિ મહિલા મંડળ દ્વારા ફરતા અને બેડા ગરબા સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરની જ્યોતિ મહિલા મંડળ દ્વારા નવરાત્રી મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ૫ વર્ષથી બાળાથી લઈને ૪૫ વર્ષ સુધીની મહિલાઓ માટે ફરતા ગરબા અને બેડા ગરબા સ્પર્ધાનું આયોજન કર્યું છે. જ્યોતિ મહિલા મંડળ દ્વારા આ સ્પર્ધા છેલ્લા ૪૫ વર્ષથી આયોજિત કરાય છે. આ સ્પર્ધામાં લગભગ ૧૫૦૦ જેટલી બહેનોએ ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

આ કાર્યક્રમની શરૂઆત ગાંધીનગર મનપાના પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણા, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણભાઈ બુચ અને જિલ્લા પંચાયતના પ્રમુખ હીનાબેન પટેલ દ્વારા દીપ પ્રાગટયથી કરવામાં આવી હતી. આ પ્રસંગે કાઈમ બ્રાંચના આઈજીપી મીરા વર્મા, નિવૃત્ત સનદી અધિકારી મીના ભટ્ટ અને ડૉ. તેજલ દલાલના હસ્તે વિજેતાઓને ઈનામો આપી પ્રોત્સાહિત કરાયા હતા. આ સ્પર્ધામાં ૧૧થી ૧૫ વર્ષના વય જુથમાં નેસર્ગી જોષી, ૧૬ થી ૨૫ વર્ષના વય જુથમાં ઈશિતા ત્રિવેદી, ૨૬ થી ૩૫ વર્ષના વય જુથમાં નિરાલી જોષી, ૩૬ થી ૪૫ વર્ષના વય જુથમાં શર્મિષ્ઠા રાય, ૪૬ થી ૫૫ વર્ષના વય જુથમાં મીનાક્ષીબેન પારેખ અને ૫૫ વર્ષથી ઉપરના વય જુથમાં ઉર્મિલા બેન ભટ્ટ પ્રથમ ક્રમાંકે વિજયી નિવડયા હતા. બેડા ગરબા સ્પર્ધામાં હંસાબેન ચૌધરી પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા જયારે ૫ વર્ષથી ૧૦ વર્ષની તમામ બાળાઓને આશ્વાસન ઈનામ આપવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં ફરતા ગરબા માટે મયુરીબેન વ્યાસ, અરુણાબેન ગજ્જર, આશા અડાલજા, મેઘલ એરડા અને હિરલ ભટ્ટે નિર્ણાયક તરીકેની સેવાઓ આપી હતી. આ કાર્યક્રમમાં લતાબેન ચોકસી દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું અને રક્ષિતાબેન ઉપાધ્યાયે મહેમાનોનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કુ. ચેતના બુચે કર્યું હતું અને અંતમાં તેમણે આભારવિધિ પણ વ્યકત કરી હતી.

કાશ્મીરની કુદરતી આપદામાં રાહતફાળો આપવા અપીલ કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨૬

જમ્મુ-કાશ્મીરમાં આવેલ પૂરને કારણે તબાહી મચી જવા પામી છે. નરેન્દ્ર મોદીએ કરેલી અપીલ કે મારો જન્મ દિવસ મનાવવો નહિ પરંતુ કાશ્મીરવાસી આપણા ભાઈ ભાંડુઓને મદદ કરવી. ભારત વિકાસ પરિષદે કુદરતી આપદામાં રાહત ફાળો આપવાની અપીલ કરી છે.

કાશ્મીરમાં મેઘ તાંડવથી જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. ધીરે ધીરે પુરના પાણી ઓસરવાના શરુ થયા છે. પરંતુ જનજીવનને ધબકતું થતા હજુ પણ સમય લાગશે. કાશ્મીરવાસીઓનું સર્વસ્વ લુંટાઈ ગયું છે. ગાંધીનગરની ભારત વિકાસ પરિષદ સંસ્થા દ્વારા કાશ્મીરની જનતાને ફરીથી બેઠી કરવા માટે હાકલ કરવામાં આવી છે.

જમ્મુ કાશ્મીરના પૂર પિડીતો માટે કુદરતી આપદામાં મદદ કરવા અપીલ કરવામાં આવી છે. સહયોગ આપવા ઈચ્છુક નાગરિકોએ તા. ૫ ઓકટોબર સુધી ભારત વિકાસ પરિષદ અમદાવાદને ચેક આપવાનો રહેશે.

જિલ્લા સંઘના પ્રમુખના પેન્શન પેપરમાં મુશ્કેલી ન થાય તે માટે મળતીયાને ઓર્ડર અપાયો

ટી.પી.ઈ.ઓ ચાર્જનો ઓર્ડર આપી આયોજન બદ્ધ બચાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં સાત સાત રેગ્યુલર કેળવણી નિરીક્ષક હોવા છતાં સંઘના પ્રમુખને બચાવવા માટે કારસો રચવામાં આવ્યો છે. તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીનો ચાર્જ નિયમ વિરુદ્ધ અધિકારીને આપવામાં આવ્યો છે તેમ રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે જણાવ્યું છે.

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા માણસાના તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીનો ઓર્ડર રદ કરવા માટે જિલ્લા શિક્ષણ સમિતિ ચેરમેન અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને લેખિત રજૂઆત કરી જણાવ્યું છે. માણસાના ટીપીઈઓનો ચાર્જ મુકેશપુરી ગોસ્વામીને આપવામાં આવ્યો છે.

ત્યારે મહાસંઘે જણાવ્યું છે કે ટી.પી.ઈ.ઓ.નો ચાર્જ શાળાના શિક્ષક, એચ. ટાટ, આચાર્ય, ઈન્ચાર્જ બીટ કેળવણી નિરીક્ષકોને ન આપી શકાય છતાં નિયમો નેવે મુકીને ઓર્ડર કરવામાં આવ્યો છે.

જિલ્લામાં સાત સાત રેગ્યુલર કેળવણી નિરીક્ષક હોવા છતાં એચ. ટાટ આચાર્યને ચાર્જ આપવામાં આવ્યો છે જેથી કંઈક રંધાઈ રહ્યું હોય તેવું લાગે છે. આ સમગ્ર કારસો નિયમ વિરુધ્ધ કરવામાં આવી રહ્યો છે.

આ નિયમ વિરુધ્ધની પ્રક્રિયામાં જિલ્લા સંઘના પ્રમુખ બળદેવભાઈ ચૌધરીને બચાવવા માટે કરવામાં આવી રહી છે. બળદેવભાઈ ટૂંક સમયમાં નિવૃત્ત થનાર છે. જેથી તેની સામે ચાલતી ખાતાકીય તપાસ, નોટીસો અને તેમના પેન્શન પેપરો તૈયાર કરવામાં મુશ્કેલી ઉભી થતી હોવાથી મળતીયાઓ દ્વારા મળતીયા મુકેશપુરી ગોસ્વામીને મુકવામાં આવ્યા છે.

મહાસંઘના મહામંત્રી હસમુખ પટેલે જણાવ્યું હતું કે આ તમામ પ્રક્રિયા બળદેવભાઈ ચૌધરીના દબાણને વશ થઈને કરવામાં આવી રહી છે. આગોતરું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ લોકોને શિક્ષકોના રૂપિયાથી પટલાઈ કરવી છે જેથી મહાસંઘ દ્વારા એકસુરમાં વિરોધ કરવામાં આવ્યો છે અને તાત્કાલીક અસરથી ઓર્ડર રદ કરવા જણાવ્યું છે.

મહાસંઘે એચ. ટાટ ભરતી બાદ ખાલી રહેલી સિનિયોરીટીની જગ્યા પર પાંચ વર્ષ કરતા ઓછો અનુભવ ધરાવતા અને નિયમમાં આવતા એચ.ટાટ આચાર્યોને બઢતીથી ભરતી માટે રજુઆત કરી છે. છતા બાળકોના શિક્ષણની ચિંતા કરવામાં નથી આવતી પરંતુ હોદેદારોને બચાવાની ચિંતા વધુ કરવામાં આવી રહી હોય તેવું લાગી રહ્યું છે. જો ઓર્ડર રદ કરવામાં નહિ આવે તો મહાસંઘ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરશે.

અખિલ ભારતીય સામાજીક સ્વાસ્થ્ય સંઘ દ્વારા તારીખ ૨૬ને શુક્રવારે સેકટર-૧૨ સ્થિત બલરામ ભવન ખાતે શેરી ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ હિનાબેન પટેલ, રેખાબેન પટેલ (એડવોકેટ) મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા તેમના વરદહસ્તે 'ડ્રો'માં વિજેતા બહેનોને પુરસ્કૃત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે ૧૯૮૪થી કાર્યરત આ સંસ્થામાં સભ્યો નગરના દરેક સેકટરે નિમાયેલા છે. દર વર્ષે યોજાતા આ ગરબા કાર્યક્રમમાં બહેનોને સંસ્થાની કાર્યપધ્ધતિ વિશે જાણકારી પ્રાપ્ત થાય અને સૌ સાથે મળી તહેવારની ઉજવણી કરે તે આશયથી આયોજન કરવામાં આવે છે. (તસવીર : કશ્યપ નિમાવત)

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૦
સૂર્યાસ્ત : ૬.૩૦

તાપમાન

મહત્તમ : ૩૪.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૫૪ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૨ :
ખૂબસૂરત : ૧૦.૦૦
: સ્ક્રીન-૩ :
ડિલીવર અસ ફ્રોમ એવિલ (અંગ્રેજી) : ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦
: સ્ક્રીન-૪ :
ખૂબસૂરત : ૧૦.૦૦
દાવત એ ઈશ્ક : ૧૨.૧૫, ૭.૪૫
૩ એ.એમ. : ૨.૩૦
બે યાર (ગુજરાતી) : ૫.૦૦
ડેસી કટ્ટે : ૧૦.૦૦
: સ્ક્રીન-૫ :
૩ એ.એમ. : ૧૦.૦૦
ડેસી કટ્ટે : ૧૨.૩૦, ૬.૩૦
ખૂબસૂરત : ૩.૩૦
દાવત એ ઈશ્ક : ૧૦.૦૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
ડેસી કટ્ટે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
૩ એ.એમ. : ૧.૧૫, ૭.૧૫
: સ્ક્રીન-૩ :
બલવિંદરસિંઘ ફેમસ હો ગયા : ૧૦.૦૦, ૭.૦૦
દાવત એ ઈશ્ક : ૧.૦૦
૩ એ.એમ. : ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભનો યોગ. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

વૃષભ : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

મિથુન : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.

કર્ક : કર્મક્ષેત્રમાં સફળતા પ્રાપ્તિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રાપ્તિનો યોગ. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

સિંહ : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. વ્યાપાર મધ્યમ રહશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

તુલા : કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

મકર : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

મીન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. સરલાબેન રજનીકાંત જાની (ઉ.વ.૮૦) વાવોલ. તા.જી. ગાંધીનગર
- સ્વ. વાળંદ પ્રકાશકુમાર કાન્તીભાઈ (ઉ.વ.૩૭) મુ. આલમપુર, તા.જી ગાંધીનગર
- સ્વ. મેનાબેન ધૂળાભાઈ પ્રજાપતિ (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૭૦૬/૧, સેક્ટર-૨૬, કિસાનનગર, ગાંધીનગર
- સ્વ. પટેલ પ્રવિણભાઈ ફુલાભાઈ (ઉ.વ.૫૨) મુ. ચીલોડા, તા.જી. ગાંધીનગર